નામ:- દવે ગૌતમ. જે.
સેમેસ્ટર :- 1
રોલ નં :- 113
PNR No:- COC2025113
વિષય :- Economic (Banking & Finance)
પેપર કોડ :- MJ - BAF - 101

દવે ગૌતમ. જે

પ્રશ્ન-1 બેંકનો અર્થ આપી, બેંક ના વિવિધ પ્રકારો વિસ્તૃત રીતે સમજાવો.

→ પ્રસ્તાવના :-

આધુનિક આર્થિક વ્યવસ્થામાં બેંકનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે. વ્યક્તિ, વ્યવસાય અને સરકાર - પ્રત્યેક માટે બેંક નાણાકીય વ્યવહારોનું મુખ્ય કેન્દ્ર બની ગઈ છે. પૈસાની સુરક્ષા, ધિરાણ ચુકવણી અને બચત જેવી અનેક સેવાઓ બેંક દ્વારા પૂરી પાડવામાં આવે છે.

→ બેંક ના વિવિધ પ્રકારો :

1. કેન્દ્રિય બેંક (Central Bank)

દેશની સર્વોચ્ચ બેંકને કેન્દ્રિય બેંક કહે છે. ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) કહે છે. તેના મુખ્ય કાર્યોમાં નોટ છાપવી, નાણાકીય નીતિ બનાવવી, અન્ય બેંકો પર નિયંત્રણ રાખવું અને સરકાર ની બેંક તરીકે કાર્ય કરવું સામેલ છે.

2. વાણિજ્ય બેંક (Commercial Bank)

વાણિજ્ય બેંકો સામાન્ય જનતા સાથે સીધો વ્યવહાર કરે છે. જેમ કે બચત ખાતું, ચલણી ખાતું, ફિક્સ ડિપોઝિટ, લોન, વગેરે સેવાઓ આપે છે.

ઉદાહરણ : SBI, PNB, HDFC, ICICI વગેરે.

3. સરકારી બેંક (Co-Operative Bank)

આ બેંકો સરકાર ના સિદ્ધાંત પર કાર્ય કરે છે. નાના ખેડૂત, વેપારી અને મધ્ય વર્ગને

દવે ગૌતમ.જે.

સહાય કરાવાનું મુખ્ય ઉદ્દેશ હોય છે. તે ગ્રામિણ અને શહેરી બંને વિસ્તારોમાં કાર્ય કરે છે.

4 પ્રાદેશિક ગ્રામિણ બેંક (Regional Rural Bank)
આ બેંકો ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં ખેતી, પશુપાલન, નાના વ્યવસાય અને કારીગરોને ધિરાણ આપે છે.

5 વિકાસ બેંક (Development Bank)
આ બેંકો ઉદ્યોગોના વિકાસ માટે લાંબા ગાળાનું ધિરાણ આપે છે. દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

→ ઉપસંહાર :
બેંક વગર આધુનિક અર્થતંત્રની કલ્પના અશક્ય છે. વિવિધ પ્રકારની બેંકો સમાજના દરેક વર્ગને નાણાકીય સહાય પૂરી પાડે છે.

દવે ગૌતમ. જે.

પ્રશ્ન-૨ આર. બી. આઈની નાણાકીય નીતિ વિસ્તૃત રીતે સમજાવો.

→ પ્રસ્તાવના:

દેશની આર્થિક સ્થિરતા અને વિકાસ જાળવવા માટે નાણાં પુરવઠા પર નિયંત્રણ જરૂરી છે. આ કાર્ય રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેમની નાણાકીય નિતી દ્વારા કરે છે.

→ નાણાકીય નીતિનો અર્થ:

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા દેશમાં નાણાંની ઉપલબ્ધતા, ધિરાણ વ્યવસ્થા અને વ્યાજ દરોને નિયંત્રિત કરવા માટે અપનાવવામાં આવતી નીતિને નાણાકીય નીતિ કહે છે.

→ નાણાકીય નીતિના મુખ્ય હેતુઓ:

1) મોંઘવારી પર નિયંત્રણ

2) આર્થિક સ્થિરતા જાળવવી

3) વિકાસને પ્રોત્સાહન આપવું

4) નાણાં પુરવઠા પર સંતુલન રાખવું

5) રોજગાર વધારવો.

દવે ગૌતમ.કે.

Gautam

→ નાણાકીય નીતિના સાધનો:

1 રેપો દર (Repo Rete)

RBI જે દરે વાણિજ્ય બેંકો ને ટૂંકા ગાળાનું ધિરાણ આપે છે તેને રેપો દર કહે છે. રેપો દર વધે તો લોન મોંઘી થાય છે.

2. રિવર્સ રેપો દર (Reverse Repo Rate)

બેંકો RBI પાસે જે દરે નાણા જમા કરે છે. તે રિવર્સ રેપો દર કહેવાય છે.

3. કેશ રિઝર્વ રેશિયો (CRR)

બેંકોને તેમના કુલ થાપણનો અમુક ભાગ રોકડ સ્વરૂપે RBI પાસે રાખવો પડે છે.

4. સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR)

બેંકો ને અમુક ટકા નાણાં સોનું અથવા સરકારી સિક્યોરિટીમાં રાખવા પડે છે.

5 ઓપન માર્કેટ ઓપરેશન

RBI સરકારી સિક્યોરિટીઝ ખરીદે કે વેચે છે જેથી નાણાં પુરવઠા પર નિયંત્રણ રહે.

→ ઉપસંહાર:

RBI ની નાણાકીય નીતિ દેશની આર્થિક વ્યવસ્થાનું સંચાલન કરે છે. અને મોંઘવારી તથા વિકાસ વચ્ચે સંતુલન જાળવે છે.

દર્શ ગૌતમ જે.

Gautam

પ્રશ્ન-૩ વિશિષ્ટ પ્રકારના ગ્રાહકો વિશે વિસ્તૃત નોંધ લખો.

→ પ્રસ્તાવના:

બેંકમાં ખાતું ખોલાવનાર દરેક વ્યક્તિ સામાન્ય ન હોય. કેટલાક ગ્રાહકોની કાનૂની સ્થિતી અલગ હોય છે. આવા ગ્રાહકોને વિશિષ્ટ પ્રકારના ગ્રાહકો કહે છે.

→ વિશિષ્ટ પ્રકારના ગ્રાહકોના પ્રકારો:

1) નાબાલગ (Minor)

18 વર્ષની ઓછી ઉંમર ધરાવતા વ્યક્તિ નાબાલગ કહેવાય છે. તે મર્યાદિત અધિકાર સાથે ખાતું ખોલી શકે છે.

2) સંયુક્ત ખાતા ધારક

બે કે વધુ વ્યક્તિઓ સાથે મળીને ખાતું ખોલે તે સંયુક્ત ખાતું કહેવાય છે. વ્યવહાર માટે સૌની સંમતિ જરૂરી હોય છે.

3) અંધ અથવા અશિક્ષિત ગ્રાહક

આવા ગ્રાહકો માટે બેંક ખાસ સુરક્ષા પગલાં લે છે. જેમકે અંગુઠાના નિશાન અને સાક્ષી

4) કંપની

કંપની એક કાનૂની વ્યક્તિ છે તેના નામે ખાતું ખોલી શકાય છે. અને વ્યવહાર બોર્ડ ઓફ ડિરેક્ટરસના ઠરાવ મુજબ થાય છે.

દવે ગૌતમ. જે.

5) ભાગીદારી પેઢી

ભાગીદારી કરાર મુજબ ખાતું ચલાવવામાં આવે છે. દરેક ભાગીદારની જવાબદારી નિર્ધારિત હોય છે.

→ ઉપસંહાર :

વિશિષ્ટ પ્રકારના ગ્રાહકો માટે બેંકે કાયદાકીય નિયમો નું પાલન કરવું જરૂરી છે. જેથી વ્યવહાર સુરક્ષિત અને નિયમિત રહી શકે.